For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ગુજરાત બાર કાઉન્સિલના સભ્યોએ વિરોધ પ્રદર્શન કરી પોલીસ કાર્યવાહી સામે સવાલો ઉઠાવ્યા

સિનિયર એડવોકેટ હિતેશ ગુપ્તા વિરુદ્ધ FIRને લઈને વકીલ મંડળમાં ભારે આક્રોશ

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

સિનિયર ધારાશાસ્ત્રી હિતેશ ગુપ્તા, તેમના પત્ની અને જુનિયર સામે સંખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIRને લઈને વડોદરા વકીલ મંડળમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. FIRના વિરોધમાં વકીલ મંડળના પ્રતિનિધિઓ તેમજ ગુજરાત બાર કાઉન્સિલના સભ્યોએ વિરોધ પ્રદર્શન કરી પોલીસ કાર્યવાહી સામે સવાલો ઉઠાવ્યા હતા. વડોદરા વકીલ મંડળના આક્ષેપ મુજબ, છોટાઉદેપુર SP, DySP અને PI દ્વારા કોઈ પ્રાથમિક તપાસ કર્યા વિના તથા અંગત દુશ્મનાવટના કારણે ફરિયાદ નોંધવામાં આવી છે. વકીલોનો વધુમાં આક્ષેપ છે કે હિતેશ ગુપ્તાને હેરાન કરવા ઉપરાંત તેમના પરિવારને પણ પરેશાન કરવાના હેતુથી તેમની પત્નીનું નામ ફરિયાદમાં સામેલ કરવામાં આવ્યું છે. આ મામલે વકીલ મંડળ અને બાર કાઉન્સિલના પ્રતિનિધિઓએ પોલીસ તંત્ર

સામે નારાજગી વ્યક્ત કરી હતી. બાર કાઉન્સિલના સભ્ય અને ટ્રેઝરરે ચેતવણી આપતા જણાવ્યું હતું કે, જો વકીલો સામેની આવી કાર્યવાહી બંધ નહીં કરવામાં આવે તો સમગ્ર ગુજરાતમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. વકીલ મંડળે સ્પષ્ટ કર્યું હતું કે પોતાના સાથી વકીલના સમર્થનમાં તેઓ મક્કમતાથી ઊભા રહેશે. જરૂર પડશે તો કોર્ટની કામગીરીથી દૂર રહેવા સહિતના આંદોલનાત્મક પગલાં ભરવાની ચીમકી પણ આપવામાં આવી છે. વડોદરાના સિનિયર એડવોકેટ હિતેશ ગુપ્તા, તેમના પત્ની અને જુનિયર વિરુદ્ધ ગેંગરેપ તથા જાતિ વિષયક ફરિયાદ નોંધાતા વકીલ આલમમાં રોષ જોવા મળ્યો છે.

આ મામલે BBA ખાતે 12 એસોસિએશનના પ્રમુખ સહિતના હોદ્દેદારોની બેઠક મળી હતી. બેઠકમાં ફરિયાદની હકીકત અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. વકીલોએ સંખેડા પોલીસ દ્વારા સમગ્ર મામલે સાચી હકીકત બહાર આવે તે રીતે તપાસ કરવામાં આવે તેવી માંગ કરી હતી. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી કાર્યવાહી ન કરવા રજૂઆત કરાઈ હતી. તેમ છતાં કાર્યવાહી થશે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારાઈ હતી.

પરિવાર દર્શનાર્થે સાયલા ખાતે ગયો અને તસ્કરોએ ઘટનાને અંજામ આપ્યો

રણોલીના બંધ ફ્લેટમાં તસ્કરો ત્રાટકયા રૂપિયા ૧૧.૪૦ લાખની મત્તાની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરાના રણોલી ચોકડી વિસ્તારમાં તસ્કરોએ બંધ ફ્લેટને નિશાન બનાવી મોટી ચોરીને અંજામ આપ્યો છે. પરિવાર સાથે સાયલા દર્શને ગયેલા વેપારીના ફ્લેટના તાળા તોડી તસ્કરો અંદર ઘૂસ્યા હતા અને બે બેડરૂમની તિજોરીઓ તોડી સોના-ચાંદીના દાગીના તથા રૂ.2.50 લાખ રોકડ મળી કુલ રૂ.11.40 લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સોસાયટીના પ્રમુખ અને વેપારીના મિત્રને ફ્લેટનો દરવાજો ખુલ્લો જણાતા સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો. રણોલી ચોકડી ખાતે કિરણ ઓટો ગેરેજ ચલાવતા વેપારી સુનિલકુમાર પટેલ તા.8 ઓગસ્ટે માતા, પત્ની અને બે બાળકો સાથે વેગનઆર કારમાં સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા ખાતે ગુરુજીના દર્શન માટે ગયા હતા. પરિવાર રાત્રે સાયલા ખાતે રોકાયો હતો. દરમિયાન તા.9 ઓગસ્ટની વહેલી સવારે વેપારીના મિત્રે ફોન કરી ફ્લેટનો દરવાજો ખુલ્લો હોવાની જાણ કરી હતી. સોસાયટીના પ્રમુખે પણ ઘરમાં સામાન વેરવિખેર હોવાનું જણાવતા ચોરીની આશંકા મજબૂત બની હતી. વેપારી પરિવાર સાથે પરત ફર્યો ત્યારે ફ્લેટના મુખ્ય લોખંડના દરવાજાનો નકુચો, ચેનલ લોક અને લાકડાના દરવાજાનું સેન્ટર લોક તૂટેલું મળી આવ્યું હતું. અંદર તપાસ કરતા બંને બેડરૂમની લોખંડની તિજોરીઓના લોક પણ તૂટેલા હતા અને સામાન વેરવિખેર પડ્યો હતો. તસ્કરો તિજોરીમાંથી સોનાના સેટ, ચુડા, કડીઓ, વીંટીઓ, બુટ્ટી, રુદ્રાક્ષની માળા અને ચેન સહિત આશરે 126 ગ્રામ સોનું, તેમજ આશરે 70 ગ્રામ ચાંદીના દાગીના ચોરી ગયા હતા. ઉપરાંત જમીનની ખેતીની આવકમાંથી રાખેલા રૂ.2.50 લાખ રોકડા પણ તસ્કરો ઉઠાવી ગયા હતા. ફરિયાદ મુજબ સોનાના દાગીનાની કિંમત આશરે રૂ.8.82 લાખ, ચાંદીના દાગીનાની કિંમત રૂ.8,400 અને રોકડ રૂ.2.50 લાખ મળી કુલ આશરે રૂ.11.40 લાખની મત્તા ચોરાઈ છે. પોલીસે અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. ફ્લેટ અને આસપાસના વિસ્તારમાં લાગેલા CCTV કેમેરાના ફૂટેજ ચકાસી તસ્કરો સુધી પહોંચવાના પ્રયાસો હાથ ધરવામા આવ્યા છે.

પ્રજાકીય પ્રશ્નો હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા!

શોકદર્શક ઠરાવ બાદ વધુ એક સભાને રદ કરી દેવામાં આવી

વડોદરાઃ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નાગરિકોની પ્રાથમિક સુવિધાઓ અને વિકાસકામો અંગે ચર્ચા કરવા માટે યોજાતી સામાન્ય સભા વધુ એક વખત ચર્ચા વિના જ મુલતવી રાખવામાં આવી છે. નવું બોર્ડ અસ્તિત્વમાં આવ્યાને લાંબો સમય વિતી ગયો હોવા છતાં, શહેરના સાર્વત્રિક વિકાસ અને પ્રજાકીય પ્રશ્નો પર એક પણ સામાન્ય સભામાં પૂર્ણ કક્ષાની ચર્ચા થઈ શકી નથી, જેને લઈને વિરોધ પક્ષ અને નાગરિકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. સામાન્ય સભાના પ્રારંભે સ્વર્ગસ્થ પૂર્વ સભ્યો કે મહાનુભાવોને શ્રદ્ધાંજલિ આપવા શોકપ્રસ્તાવ રજૂ કરી મૌન પાળવાની સંસદીય પરંપરા છે. પરંતુ વિપક્ષનો ગંભીર

આક્ષેપ છે કે, શાસક પક્ષ પોતાની નિષ્ફળતા અને ભ્રષ્ટાચાર અંગે ઉઠતા તીખા પ્રશ્નોનો સામનો કરવાથી બચવા માટે 'શોકદર્શક ઠરાવ'ને હથિયાર તરીકે વાપરી રહ્યો છે. શ્રદ્ધાંજલિ બાદ તુરંત સભા મુલતવી રાખી દેવાતાં એજન્ડા પરના મહત્વના કામો અને દરખાસ્તો અટવાઈ પડે છે. નવા બોર્ડ બાદથી અત્યાર સુધી યોજાયેલી બેઠકોમાં ખરાબ રસ્તા, પીવાનું પાણી, ડ્રેનેજ લાઈન અને રોડ રજિસ્ટ્રેશન જેવા પાયાના મુદ્દાઓ પર કોઈ નિર્ણય લઈ શકાયો નથી. જેના કારણે શહેરના વિકાસકામો કાગળ પર જ અટકી પડ્યા છે. આ મુદ્દે વિરોધ પક્ષે આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, સત્તા પક્ષ પ્રજાના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં નિષ્ફળ નીવડ્યો છે.

શિક્ષણની ગુણવત્તા સુધારવા કવાયત

નગર પ્રાથમિક સમિતિ અને સમગ્ર શિક્ષાની મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સમગ્ર શિક્ષા દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવા તથા વિવિધ શૈક્ષણિક યોજનાઓની સમીક્ષા માટે એક મહત્વપૂર્ણ આયોજન અને સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં શહેરની 126થી વધુ શાળાઓના મોનિટરિંગ અને વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની કુલ 126 શાળાઓ અને સમગ્ર શિક્ષા વડોદરા કોર્પોરેશન હસ્તકની તમામ શાળાઓનું સીઆરસી અને યુઆરસી દ્વારા સતત મોનિટરિંગ થઈ રહ્યું છે. તેના આધારે આ સમીક્ષા બેઠક યોજાઈ હતી. દર મહિને રાજ્યકક્ષાએ અગ્ર સચિવની અધ્યક્ષતામાં અને એસપીડીના માર્ગદર્શન હેઠળ આવી બેઠકો યોજવામાં આવે છે. બેઠકમાં છેવાડાના ગ્રામ્ય અને તમામ સ્તર સુધી શિક્ષણની કામગીરી પહોંચે તે સુનિશ્ચિત કરવાનો હેતુ, ગુજરાત સરકારના નિપુણ ગુજરાત અભિયાન અને સ્કોપ જેવી યોજનાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી, શાળાઓમાં થયેલા પ્રિ-બેઝલાઈન સર્વેની સમીક્ષા કરાઈ અને હવે પછી થનારા બાહ્ય મૂલ્યાંકન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેક ટુ સ્કૂલ કાર્યક્રમ દરમિયાન ડ્રોપ થયેલા અને પુનઃસ્થાપિત થયેલા બાળકો માટે બ્રિજ કોર્સની વ્યવસ્થા કરવા તથા તેઓ ફરીથી ડ્રોપઆઉટ ન થાય તે માટેના પગલાં અંગે સઘન ચર્ચા થઈ હતી. સ્ટેટ ઓફ સ્કૂલિંગની પરીક્ષા આપવા ઈચ્છતા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરીને તેમના ફોર્મ ભરાવી બાહ્ય વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

કાર વોશ કરાવવા આવતો શખ્સ ઓળખાણ કરી વિશ્વાસ જીત્યા બાદ ખેલ પાડ્યો

ગેરેજ સંચાલકને બિટકોઈનના નફાની લાલચ આપી રૂ.૧૧.૭૧ લાખની ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.10

માંજલપુર વિસ્તારમાં ગેરેજ ચલાવતા વેપારીને બિટકોઈનમાં રોકાણ કરાવી સારો નફો કમાવાની લાલચ આપીને વેપારી સાથે રૂ.11.71 લાખની છેતરપિંડી કરવામા આવી છે. કાર વોશ કરાવવા આવતા ઓળખીતા શખ્સે વિશ્વાસ કેળવી રોકાણના નામે લાખો રૂપિયા મેળવ્યા છે. રૂપિયા લીધા બાદ બિટકોઈન કે રોકાણની રકમ પરત ન આપતા અંતે વેપારીએ પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા છે. મકરપુરા રોડ પર રહેતા નીલકંઠ રંગરામ મોરે અગાઉ માંજલપુર દિનદયાળ આવાસ નજીક ગ્રેસ ઓટો નામે કાર વોશ અને કાર રિપેરિંગનું કામ કરતા હતા. વર્ષ 2020 દરમિયાન જોસેફ બાબર સેમ્યુઅલ પરમાર નામનો શખ્સ અવારનવાર કાર વોશ કરાવવા આવતો હોવાથી બંને વચ્ચે ઓળખાણ થઈ હતી. આ ઓળખાણનો લાભ લઈ જોસેફભાઈએ બિટકોઈનમાં રોકાણ કરવાથી સારો નફો મળશે અને પરિવારની આર્થિક સ્થિતિ સુધરશે તેવી વાતો કરી મોરેનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ વર્ષ 2020 અને 2021 દરમિયાન મોરે તથા તેમની પુત્રીના બેંક ખાતામાંથી આરોપીના એક્સિસ બેંક ખાતામાં ઓનલાઈન ચેક,આરટીજીએસ દ્વારા રૂ.11.71 લાખ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. થોડા સમય બાદ મોરેએ પોતાના નામે ખરીદાયેલા બિટકોઈનની વિગતો અને તેને પોતાના ખાતામાં ટ્રાન્સફર કરવાની માંગ કરી હતી. ત્યારે આરોપીએ તેમના નામે અડધો બિટકોઈન ખરીદ્યો હોવાનું જણાવ્યું હતું. જોકે, વારંવાર માંગણી કરવા છતાં બિટકોઈન ટ્રાન્સફર કરવામાં આવ્યો નહોતો. બિટકોઈન પરત આપવાના બદલે આરોપીએ તેની કસ્ટડી અને વીમા ફીના નામે વધુ નાણાંની માંગણી કરી હતી. એટલું જ નહીં, ફોન પર મુંબઈ હાઈકોર્ટમાં કેસ કરીને ફસાવી દેવાની ધમકી આપ્યાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. જુલાઈ 2025માં મેસેજ કરીને કસ્ટડી તથા વીમા ફી નહીં ચૂકવાય તો બિટકોઈન પર તેમનો કે પરિવારનો કોઈ હક નહીં રહે તેવી વાત કરી વધુ પૈસાની માંગણી કરાઈ હતી. વધુ રકમ આપવાનો ઇનકાર કરતાં વકીલ મારફતે નોટિસ મોકલવામાં આવી હતી. દરમિયાન આરોપીએ અન્ય લોકો પાસેથી પણ બિટકોઈનમાં રોકાણ કરાવવાના નામે નાણાં લીધા હોવાની માહિતી મળતાં મોરેને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની શંકા વધુ મજબૂત બની હતી. પોલીસે વેપારીની ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

વડોદરામાં 'વિકાસ'ની નવી વ્યાખ્યા

લાલબાગ બ્રિજ નીચેની ગંદકી હટાવી સુંદર બગીચો બનાવ્યો

પાલિકાના ૨.૫ મિલિયન વૃક્ષોના મિશન અંતર્ગત ૫૦૦થી વધુ વૃક્ષોનું રોપણ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦

વડોદરા શહેરને વધુ સુંદર, સ્વચ્છ અને હરિયાળું બનાવવાના ઉદ્દેશ્ય સાથે વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક અનોખી અને પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. શહેરના લાલબાગ બ્રિજ નીચે લાંબા સમયથી ખાલી રહેલી જગ્યા, જ્યાં અગાઉ અસહ્ય ગંદકી અને બિનઅધિકૃત પાર્કિંગ જોવા મળતું હતું, તેને કાયાપલટ કરીને એક નનકડા અને સુંદર નગરોદ્યાન–'અર્બન ઓએસીસ' માં પરિવર્તિત કરવામાં આવી છે,. આજરોજ આ નવનિર્મિત અર્બન ઓએસીસનું ભવ્ય લોકાર્પણ તેમજ રોપા વિતરણનો

વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ ભવ્ય લોકાર્પણ સમારોહ ગુજરાત સરકારના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લાના અધ્યક્ષસ્થાને તેમજ વડોદરા શહેરના મેયર ગીતાબેન મકવાણાની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. કોર્પોરેશનની આ પહેલ વિશે માહિતી આપતા પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, બ્રિજ નીચેની અસ્વચ્છ જગ્યાને સંપૂર્ણપણે સાફ-સુથરી કરીને ત્યાં આધુનિક બેઠક વ્યવસ્થા અને આકર્ષક પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે.

ઓછા વજન છતાં મુખ્ય માર્ગ પર અચાનક ભુવો પડતા આઇસર ટ્રકનું ટાયર ખૂંપી ગયું

વડીવાડીમાં રસ્તો ધસતા કન્સ્ટ્રક્શન સામગ્રી ભરેલો ટ્રક ભુવામાં ફસાયો, વાહનવ્યવહાર ખોરવાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા શહેરમાં રસ્તાઓ ધસી જવા અને અચાનક ભુવા પડવાની ઘટનાઓ સતત વધતી રહી છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોની સુરક્ષા સામે મોટો ભય ઊભો થયો છે. શહેરના વોર્ડ નંબર-૮ માં આવેલા વડીવાડી ગામના મુખ્ય માર્ગ પર આજે એક કન્સ્ટ્રક્શન સામગ્રી ભરેલો આઇસર ટ્રક પસાર થઈ રહ્યો હતો, ત્યારે જ અચાનક રસ્તો ધસી પડતા એક મોટો ભુવો પડી ગયો હતો. આ અણધારી ઘટનાને પગલે આઈસર ટ્રકનું પાછળનું ટાયર ભુવામાં ઊંડે સુધી ખૂંપી ગયું હતું અને વાહન ત્યાં જ ફસાઈ ગયું હતું. બનાવને પગલે વડીવાડી ગામના મુખ્ય માર્ગ પર વાહનવ્યવહાર ભારે

પ્રમાણમાં ખોરવાઈ ગયો હતો અને બંને બાજુ વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી. ઘટના અંગે આઈસર ટ્રકના ચાલકે જણાવ્યું હતું કે, વાહનમાં ક્ષમતા કરતા વધુ કે મર્યાદા બહારનો સામાન ભરેલો ન હતો. અત્યંત સામાન્ય વજન હોવા છતાં અચાનક આખો રસ્તો ધસી પડ્યો હતો, જે માર્ગ નિર્માણની અત્યંત હલકી ગુણવત્તા છતી કરે છે. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. ત્યારબાદ ફસાયેલા ટ્રકને બહાર કાઢવા માટે રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સૌપ્રથમ એક ટ્રેક્ટર બોલાવીને આઈસર ટ્રકમાં ભરેલી કન્સ્ટ્રક્શન સામગ્રીને ખાલી કરવામાં આવી હતી, જેથી વાહનનું વજન હળવું થઈ શકે. ત્યારબાદ ક્રેનની મદદથી ભારે જહમત બાદ ભુવામાં ફસાયેલા આઈસર ટ્રકને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અલગ-અલગ વિસ્તારોમાં રસ્તાઓ બેસી જવા અને ભુવા પડવાની ઘટનાઓ રોજેરોજ સામે આવી રહી છે. પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાના ખર્ચે બનતા રસ્તાઓ જો સામાન્ય વાહનના ભારથી જ ધસી પડતા હોય તો તંત્ર દ્વારા કરવામાં આવતી કામગીરી અને કન્ટ્રાક્ટરોની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થાય છે. સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ડર્મેટોલોજી વિભાગમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા હતાં

કેનાલમાં ડૂબી જતાં ગોત્રી હોસ્પિટલના ડોક્ટરનું મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦

ગોત્રી હોસ્પિટલના ડર્મેટોલોજી વિભાગમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા અને મૂળ ખંભાતના વતની એવા રેસિડેન્ટ ડોક્ટર દર્શનકુમાર ડોળિયાનું ભીમપુરા પાસે આવેલી નર્મદા કેનાલમાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે. ડો. દર્શનકુમાર તેમના બે મિત્રો સાથે ભીમપુરા નજીક કેનાલ વિસ્તારમાં ગયા હતા, તે દરમિયાન બનેલી અકસ્માતની આ દુર્ઘટનામાં તેઓ કેનાલમાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે ગોત્રી હોસ્પિટલ ખસેડ્યો હતો. ગોત્રી હોસ્પિટલ ખાતે સવારે આ

દુઃખદ સમાચાર મળતા જ તબીબી આખી વસાહતમાં અને હોસ્પિટલના સ્ટાફમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી,. હોસ્પિટલના ઈમરજન્સી મેડિસિન, મેડિસિન અને એનેસ્થેસિયા વિભાગના તબીબો દ્વારા તેમને બચાવવા માટે પૂરતા પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ કમનસીબે સફળતા મળી ન હતી. ઘટનાની જાણ થતાં જ મૃતકના પરિવારજનો પણ તાત્કાલિક હોસ્પિટલ દોડી આવ્યા હતા.

૧૧ વર્ષથી પોલીસને ચકમો આપી રહ્યાં હતાં

બનાવટી ચલણી નોટોના કેસમાં ફરાર બે આરોપી આખરે ઝડપાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦

વર્ષ 2015માં બનાવટી ચલણી નોટોના ગુનામાં ઝડપાયા બાદ પોલીસ કસ્ટડીમાંથી પોલીસને ધક્કો મારી ફરાર થઈ ગયેલા બે આરોપીને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે 11 વર્ષ બાદ ઝડપી પાડ્યા છે. એક આરોપીને પશ્ચિમ બંગાળના માલદાથી અને બીજા આરોપીને મહારાષ્ટ્રના પનવેલથી ઝડપી વડોદરા લાવવામાં આવ્યા છે. જવાહરનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં મહમદસાહેબ અંજારૂલ હક અને મહમંદઅનારૂલ અફરાઝુલ શેખ સહિતના આરોપીઓ સામે રૂ.1.15 લાખની બનાવટી ચલણી નોટો વટાવવાનાહોં ગુનો નોંધાયો હતો. તપાસ દરમિયાન

બંને આરોપીઓને પોલીસ કસ્ટડી રિમાન્ડ મળ્યા હતા. તા.22 ડિસેમ્બર 2015ના રોજ માલદા ખાતે તપાસ માટે લઈ જવાની તૈયારી દરમિયાન બંને આરોપીઓ પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ ગયા હતા. ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી લાંબા સમયથી આરોપીઓની શોધખોળ ચાલુ રાખી હતી. તપાસમાં આશરે 40થી 50 હજાર મોબાઇલ નંબરોની ચકાસણી કરી આરોપીઓના સંપર્કોની કડી મેળવવામાં આવી હતી. ત્યારબાદ બે ટીમોને પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્ર મોકલવામાં આવી હતી. એક ટીમે આશરે 2,400 કિમીનું અંતર કાપી 40 કલાકની મુસાફરી બાદ માલદાથી મહમદસાહેબ અંજારૂલ હકને ઝડપી પાડ્યો હતો.

જ્યારે બીજી ટીમે આશરે 500 કિમીનું અંતર કાપી પનવેલથી મહમંદઅનારૂલ અફરાઝુલ શેખને ઝડપી પાડ્યો હતો. બંને આરોપીઓને આગળની કાર્યવાહી માટે જવાહરનગર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.

સોહેલ સામે સાત ગુના નોંધાયેલા છે

વ્યાજખોરીમાં ધમકી આપનાર દંપતીને ૭ દિવસના રિમાન્ડ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦

વડોદરા ક્રાઈમ બ્રાન્ચે વ્યાજના રૂપીયા માટે ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગુનામાં ઝડપાયેલા સોહેલ સૈયદ અને તેની પત્ની તમન્ના સૈયદના 7 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવ્યા છે. ફરિયાદ મુજબ સોહેલે વર્ષ 2024માં રૂ.3 લાખ 22 ટકા માસિક વ્યાજે આપ્યા હતા. ત્યારબાદ દંપતીએ વ્યાજની ઉઘરાણી માટે જાનથી મારી નાખવા, ડ્રગ્સના કેસમાં ફસાવી દેવા સહિતની ધમકીઓ આપી હતી. આરોપીઓએ વ્યાજ પેટે આશરે રૂ.12 લાખ વસૂલ્યા હોવાનો આક્ષેપ છે.

જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચે બંનેની ધરપકડ કરી હતી. કોર્ટે આગામી 16 ઓગસ્ટ સુધીના

રિમાન્ડ મંજૂર કર્યા છે. સોહેલ સામે અગાઉ હત્યાની કોશિશ, ધાડ, રાયોટિંગ, ઠગાઈ અને ધમકી સહિત 7 ગુનાઓ નોંધાયેલા છે.

સોશિયલ મીડિયા પર નસીલા પદાર્થો વેચાય છે તેવો વિડિયો બનાવનાર મહિલા સામે પોલીસ લાલઘૂમ

ડ્રગ્સ વેચાણના અડ્ડા જાહેર કરનાર મહિલા સામે વધુ એક ફરિયાદ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૦

સોશિયલ મીડિયા પર સસ્તા પબ્લિસિટી સ્ટંટ કે ગેરમાર્ગે દોરતી માહિતી ફેલાવનારાઓ સામે વડોદરા એસઓજીએ કડક વલણ અપનાવ્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ખુલ્લેઆમ MD ડ્રગ્સ, ચરસ, ગાંજો અને દારૂનું વેચાણ થતું હોવાના પાયાવિહોણા આક્ષેપો સાથે વીડિયો વાયરલ કરનાર તમન્ના સૈયદ નામની મહિલા સામે SOG દ્વારા સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસ તપાસમાં મહિલાના તમામ દાવા અને આક્ષેપો તદ્દન ખોટા સાબિત થયા છે.

તમન્ના સૈયદ ઓફિસિયલ નામના ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ આઈડી ઉપરથી ગત ૨૯ જુલાઈથી ૭ ઓગસ્ટ દરમિયાન અલગ અલગ વિસ્તારોમાં સહિતના વિવિધ નશાકારક પદાર્થો નું વેચાણ થાય છે તેવા વીડિયો અને પોસ્ટ અપલોડ કરવામાં આવ્યા હતા. જેમા પંડ્યા બ્રિજ ટ્રેનમાંથી દારૂનો જથ્થો ઉતારવામાં આવે છે, કાસમઆલા વિસ્તાર એક આખો પરિવાર ખુલ્લેઆમ MD ડ્રગ્સનું વેચાણ કરે છે. અને અકોટા બ્રિજ નીચે નશીલા પદાર્થોનું ધૂમ વેચાણ થાય છે તેવું જાહેર કર્યું હતું. આ ઉપરાંત નિઝામપુરા, નવાયાર્ડ, ખાટકીવાડ, રામવાડી, અમરનગર, ફતેહગંજ તેમજ તાંદલજા જેવા સંવેદનશીલ વિસ્તારોમાં પણ ડ્રગ્સના દૂષણ અંગે સનસનાટીભર્યા આક્ષેપો કરવામાં આવ્યા હતા.આ વાયરલ વીડિયો થયા બાદ SOGના પોલીસ ઈન્સ્પેક્ટર બી.ડી. જીતીયાના ધ્યાને આવતા તેમણે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી વીડિયોમાં દર્શાવાયેલા તમામ સ્થળો પર દરોડા પાડ્યા હતા. જોકે, કલાકોની તપાસ બાદ પણ પોલીસને એક પણ સ્થળેથી કોઈ નશાકારક પદાર્થ કે વેચાણ કરતા ઈસમો મળી આવ્યા નહોતા.SOGના ASI સતિષ ભોગીલાલે નોંધાવેલી ફરિયાદ મુજબ, મહિલાએ અધૂરી અને તથ્યવિહીન માહિતી આધારે વીડિયો વાયરલ કરી સામાન્ય જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રકારના કન્ટેન્ટથી લોકોમાં ભય અને પોલીસની કામગીરી પ્રત્યે અસંતોષ ઊભો થતો હતો.પોલીસે તપાસ માટે મહિલાનો સંપર્ક કરી વધુ વિગતો મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમણે કોઈ સહકાર આપ્યો નહોતો.